અનુસુચિત જાતિઓ/અનુસૂચિત જનજાતિઓ
(અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ તથા
નાગરિક હકક રક્ષણ અધિનિયમ-૧૯૫૫ના
અમલીકરણ માટે ખાસ કન્ટીજન્સી પ્લાનને મંજુરી
આપવાબાબત.-

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક-હસલ/૩૧૯૭/૩૭૬૪/હ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૧૮/૩/૯૮

વંચાણે લીધા :-

(૧) ભારત સરકારના કલ્યાણ મંત્રાલયના જાહેરનામા ક્રમાંક-જીએસઆર/૩૧૬/(ઈ)/ તા. ૩૧-૩-૯૫ થી અમલમાં મુકેલ અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો -૧૯૯૫.
(૨) ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૮/૧૧/ /૯૫ ના ઠરાવ ક્રમાંક-હસલ/૧૦૯૪/આઈ-૨૪/હ-સેલ.

ઠરાવ ::-

અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ તથા નાગરિક હકક રક્ષણ અધિનિયમ-૧૯૫૫ ના અસરકારક અમલ માટે આમુખમાં ક્રમાંક-(૧) માં દર્શાવેલ જાહેરનામાની કલમ-૧૫ અનુસાર રાજ્ય સરકાર દ્વારા આકસ્મિક યોજનાઓ તૈયાર કરવાની રહે છે. જે અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના ઈસમો પર અનુસૂચિત જાતિ/ અનુ.જનજાતિના ઈસમો સિવાયના ઈસમો દ્વારા કરાતા અત્યાચારો સામે રક્ષણ આપવા માટે ભોગ બનેલ અનુસૂચિત જાતિ/જનજાતિની વ્યકિતઓને સહાય આપવા માટે અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો ૧૯૯૫ ના નિયમ-૧૨(૪) માં દર્શાવેલ અનુસૂચિ (એનેક્ષર-૧) માં દર્શાવેલ સહાયના ધોરણો આમુખમાં ક્રમાંક-(૨) માં દર્શાવેલ તા. ૧૮/૧૧/૯૫ ના ઠરાવથી રાજ્ય સરકાર દ્વારા સ્વીકારવામાં આવેલ છે.

૨. આમુખ ક્રમાંક-(૧) આગળ દર્શાવેલ ભારત સરકારના જાહેરનામાની કલમ-૧૫ અનુસાર રાજ્ય સરકારે નીચે દર્શાવેલ વિગતે આકસ્મિક યોજના તૈયાર કરવાની રહે છે.



આવક નં. :- ૧૦૦૩

Scanned with CamScanner

૧) રોકડ અને વસ્તુરૂપે અથવા બંનેમાં તાત્કાલિક રાહત આપવાની માટે યોજના.

૨) ખેતીની જમીન અને ઘરની જગ્યાની ફાળવણી.

૩) ભોગ બનેલ વ્યકિત અથવા તેના આશ્રિતને અથવા તેના કુટુંબના સભ્યોમાંથી એક સભ્યને સરકારમાં અથવા સરકારના અન્ડરટેકીંગમાં રોજગારી આપવા માટેની ય

૪) પુનઃવસવાટ પેકેજો.

૫) અત્યાચારનો ભોગ બનેલ વૃધ્ધ અપંગ, અથવા મરહુમ વ્યકિતની વિધવા કે આશ્રિત બાળકો માટે પેન્શન યોજના.

૬) ભોગ બનેલ વ્યકિતઓને ફરજિયાત વળતર.

૭) ભોગ બનેલ વ્યકિતઓની સામાજીક આર્થિક પરિસ્થિતિ મજબુત બનાવવા માટે ય

૮) ભોગ બનેલી વ્યકિતઓને ઈંટ/પત્થરના પાકા ઘરો પુરા પાડવાની જોગવાઈઓ

૯) અનુસુચિત જાતિ/જનજાતિના વસ્તી હોય ત્યાં આરોગ્ય સંભાળ, આવશ્યક ચીજવસ્તુઓ પુરી પાડવા, વિજળીકરણ, પીવાના પાણીની પુરતી સગવડ, સ્મશાન/કબ્રસ્તાન અને તેને જોડતા માર્ગ જેવી બીજી બાબતો.

૩. નિયામકશ્રી સમાજ કલ્યાણે ઉપરોકત જોગવાઈઓના અનુસંધાને આકસ્મિક યોજના બનાવી રૂ. ૨ કરોડની નવી બાબત અંગેની દરખાસ્ત અત્રે મંજુરી માટે મોકલાવી હતી. નિયામકશ્રી, સમાજ કલ્યાણે આકસ્મિક યોજના પરત્વે જે બાબત પર ખર્ચ કરવા દરખાસ્ત કરેલ હતી તેને વિચારણામાં લઈ આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબ આઈટેમ અને તેની સામે સહાયના ધોરણ નિયત કરવામાં આવેલ છે. તદ્અનુસાર ખર્ચ કરવાનું આથી ઠરાવવામાં આવે છે. ઠરાવમાં દર્શાવ્યા મુજબ આર્થિક સહાય અંગેની તથા ઠરાવ સાથેના પત્રકમાં દર્શાવેલ બાબતોમાં કરવાની થતી આનુષાંગિક કાર્યવાહી નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતા દ્વારા કરવાની રહેશે.

૪. આ યોજના અંતર્ગત ચાલુ વર્ષ ૧૯૯૭-૯૮ દરમ્યાન વિભાગની નવી બાબત તરીકે આયોજન સદરે રૂ. ૧ કરોડની જોગવાઈ અંદાજપત્રના માંગણી ક્રમાંક મુખ્ય સદર-૨૨૨૫ હેઠળ કરવામાં આવેલ છે.



Scanned with CamScanner

// ૩ //

૫. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના માંગણી ક્રમાંક-૯૩, મુખ્ય સદર-૨૨૨૫ પેટા સદર(૨૨) બીસીકે-૫૭ એ અનુસૂચિત જાતિઓ અનુ.આદિજાતિઓના અમલ માટે આકસ્મિકતા આયોજન (અત્યાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૯) ખાતે ઉધારવાનો રહે છે.

૬. આ ઠરાવ નાણાં વિભાગની આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ ઉપર તેઓની તા. ૧૭/૩/૯૮ ની નોંધથી મળેલ સહમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વિ. મ. પરમાર )
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.
ગુજરાત સરકાર.

પ્રતિ,
નિયામકશ્રી,
સમાજ કલ્યાણ ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
નકલ રવાના પ્રતિ,
માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી (સમાજ કલ્યાણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. સર્વે મંત્રીશ્રીઓ/ સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/સર્વે નાયબ મંત્રીશ્રીઓના અંગત અચિવશ્રીઓ સચિવાલય, ગાંધીનગર.
સર્વે કલેકટરશ્રીઓ,
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ.
સર્વે તિજોરી અધિકારીશ્રીઓ.
પી.એ.ઓ. અમદાવાદ/ગાંધીનગર.
સર્વે નિવાસી ઓડીટ અધિકારીશ્રીઓ.
નાણાં સલાહકારશ્રી, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
વિભાગની સર્વે શાખાઓ.
સિલેક્ટ ફાઈલ.

વાળંદ/૧૮-૩/૯૮.//

સમાજ કલ્યાણ વિભાગના તાઃ [illegible] ઠરાવ ક્રમાંક: હસવ-૩૧૯૭-૩૭૬૪-છ
સાથેનું પત્રક.

પત્રક

અનુ. જાતિ/અનુ. જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો-૧૯૯૫ ના નિયમ-૧૫ હેઠળ અત્યાચારના કેસોમાં રાજ્ય સરકારની આકસ્મિકયોજના હેઠળ આપવાની થતી સહાયના ધોરણો.

| | આઇટેમ | સહાયના દર |
|---|---|---|
| ૧) | અનુ. જાતિના ઇસમનું ખુન થાય ત્યારે અથવા અત્યાચારના કારણે હિજરત થાય ત્યારે હિજરતના કેસોમાં હિજરત કરેલ કુટુંબના પુનઃસ્થાપન માટે દરેક કુટુંબને મકાન બનાવવા જમીન ખરીદવા અંગે- | રૂ. ૨૦,૦૦૦/- અથવા સરકાર તરફથી જમીન ફાળવવામાં આવે તો પ્રવર્તમાન દર મુજબ જમીન ખરીદવા જિલ્લા કલેક્ટરશ્રી ના પરામર્શમાં કાર્યવાહી કરવી. |
| ૨) | ખરીદેલ અગર સરકારે ફાળવેલ જમીનને સમથળ બનાવવાનો ખર્ચ. | જરુરીયાત જણાય તો સરકારના માર્ગ અને મકાન વિભાગે સુચવેલ અંદાજ મુજબનો ખર્ચ. |
| ૩) | હિજરતના સ્થળે મકાન બનાવવાનો ખર્ચ. | રૂ. ૭૫,૦૦૦/- અગર સરકારના માર્ગ અને મકાન વિભાગે /ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડે સ્થાનિક પરિસ્થિતિ મુજબ આપેલ અંદાજીત ખર્ચ તે એમાંથી જે ઓછું હોય તે. |
| (૪) | હિજરતના સ્થળની નજીકના પાકા રસ્તાને જોડતો પાકો રસ્તો બનાવવા. | સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ મારફત ખર્ચ કરવો. |
| ૫) | હિજરતના સ્થળે સ્મશાન બનાવવા માટે. | રૂ. ૨૦,૦૦૦/- એક વખત. |
| ૬) | હિજરતના સ્થળે કામચલાઉ શેડ બનાવવાનો ખર્ચ. | રૂ. ૨૦,૦૦૦/- અથવા માર્ગ અને મકાન વિભાગે સુચવેલ ખર્ચ એમાંથી જે ઓછું હોય તે. |
| ૭) | વસવાટના નવા સ્થળે પાણીના નળ, હેન્ડપંપ, પાઇપલાઇન, ગટરલાઇન, તથા તેને આનુષાંગિક પૂર્તિ... | સરકારની માર્ગ અને મકાન વિભાગ તરફથી મેળવેલ અંદાજો અનુસાર. |

..૨..

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| ૮) | મકાનોના વીજળી કરણ માટે ..૨.. | મકાનદીઠ રૂ. ૨૦૦૦/- અથવા જીઈબી તરફથી મેળવેલ અંદાજો મુજબ. |
| ૯) | પ્રાથમિક શાળા, આરોગ્યકેન્દ્ર, બાલમંદિર, કોમ્યુનીટી હોલ વિગેરે. | જરૂર મુજબ સંબંધિત વિભાગોના પરામર્શમાં નિયામકશ્રી સમાજ કલ્યાણએ સદર દરખાસ્ત તૈયાર કરી સરકારશ્રીની મંજૂરી મેળવી ખર્ચ કરવો. |
| ૧૦) | અત્યાચારના કેસોમાં ખુન થયેલ ઇસમની વિધવા/અત્યાચારના કેસોમાં કાયમી અશક્ત બન્યા હોય તેવા ઇસમો/૬૦ વર્ષથી ઉપરની ઉંમરના વૃધ્ધો તથા વૃધ્ધાઓને પેન્શનના બદલામાં આર્થિક સહાય. | માસિક રૂ. ૧૦૦૦/- આજીવન (વિધવા પુન લગ્ન કરે તો લગ્ન કરે ત્યાં સુધી) |
| ૧૧) | ખુન કેસમાં મરનારની વિધવા પર આધારીત આશ્રિત બાળકોને આર્થિક સહાય. | રૂ. ૫૦૦/- માસિક દરેક બાળકને (૧૮ વર્ષની ઉંમર થાય ત્યાં સુધી) |
| ૧૨) | અત્યાચારનો ભોગ બનેલાઓ માટે ગૃહ ઉપયોગી ચીજવસ્તુઓ. ચોખા, ઘઉં, દાળ, કઠોળ વિગેરે માટે. | ભોગ બનેલ દરેક વ્યક્તિને માસિક રૂ. ૫૦૦/- (વધુમાં વધુ ત્રણ માસ માટે) |
| ૧૩) | અત્યાચારનો ભોગ બનેલાઓના બાળકોના શિક્ષણ માટે સરકારી આશ્રમશાળાઓ/ નિવાસી શાળાઓ વિગેરેમાં દાખલ કરવા અંગે. | નિયમોમાં છુટછાટ મુકીને ખાસ કિસ્સા તરીકે પણ પ્રવેશ આપવો. |
| ૧૪) | સંપૂર્ણ નાશ પામેલ/સળગી ગયેલા મકાનો તેજ સ્થળે બાંધવા અગર મરામત થઈ શકે તેમ હોય તો તે અંગે. | નવું મકાન બનાવવા રૂ. ૭૫,૦૦૦/- અને મરામત થઈ શકે તેમ હોય તો માર્ગ અને મકાન વિભાગના અંદાજો અનુસાર વધુમાં વધુ રૂ. ૫૦,૦૦૦/- સુધી. |
| ૧૫) | પશુઓ હોય તો પશુઓ માટે. | દરેક પશુ માટે રૂ. ૩૦૦/- માસિક (ત્રણ માસ માટે) |



Scanned with CamScanner

| | | |
|---|---|---|
| ૧૬) | ઈજા પામેલ વ્યક્તિઓને સરકારી દવાખાનાઓમાં દાખલ કરવા અંગે થયેલ ખર્ચ જેમકે. બહારની દવાઓ, ઓપરેશન કરવાનું થતું હોય તો તે અંગેનું ખર્ચ, જેમકે બહારથી અન્ય સાધનોનો ખર્ચ વિગેરે. | સરકારી હોસ્પીટલોના અધિકૃત તબીબી અધિકારીના પ્રીસ્ક્રીપ્શન મુજબ |
| ૧૭) | અત્યાચારનો ભોગ બનેલા કુંટુબોને ખેતીની જમીન આપવી. | જે તે જગ્યાએ ખેતી અંગે ખરાબાની જમીન અથવા પંચાયતના તાબાની જમીન જે ઉપલબ્ધ હોય તેને ધ્યાને લઈ કુંટુબની લઘુત્તમ જરુરીયાત મુજબ ઓછામાં ઓછું એક એકર જમીન દરેક કુંટુબને આપવા મહેસુલ વિભાગ તથા સંબંધિત વિભાગના પરામર્શમાં નિયામકશ્રી સમાજ કલ્યાણએ કાર્યવાહી કરવી. |
| ૧૮) | બળાત્કારનો ભોગ બનેલ યુવતીના લગ્ન માટે સહાય. | રુ. ૫૦,૦૦૦/- લગ્ન કરનાર યુગલના સંયુક્ત નામે. |

Scanned with CamScanner